# SAURASHTRA UNIVERSITY
## BOARD OF GUJARATI

**Bachelor of Arts (B.A.) Semester - VI (Six)**

**Subject: Major Gujarati**
**Course Title: Internship in the Gujarati Subject**

| Program Name | Semester | Subject | Program Year | Program Applied | Course Category | Course Credit | Internal Exam | External Exam | Total Marks |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Bachelor of Arts (UG) | 6 (six) | Gujarati | 4 Year Honors & Research | June 2023 Gradually | Internship (SEC) | 4 (Four) | 50 Marks | 50 Marks | 100 |

**Subject related matter**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Course Outcomes દરેક વિષયની શરૂઆતમાં દર્શાવેલ છે? | | | | | | | | | | હા |
| 2 | Employability/Entrepreneurship/Skill Development પર કેન્દ્રિત થયેલ છે કે નહિ? | | | | | | | | | | છે |
| 3 | Value added Courses Imparting Transferable and Life Skills ના ગુણો ધરાવે છે? | | | | | | | | | | હા |
| 4 | Major | હા | Minor | હા | Skill Enhancement Courses | હા | Ability Enhancement Courses | હા | Value Added Courses | | હા |
| 5 | Holistic Education | હા | IKS | હા | Multidisciplinary | હા | Exit/ Vocational Courses | | | | હા |
| 6 | દિવ્યાંગ માટે વિષય અંતર્ગત આનુસાંગિક જોગવાઈ કરાયેલ છે? | | | | | | | | | | હા |
| 7 | New India Literacy Programme (NILP) મુજબનો વિષય છે? | | | | | | | | | | હા |
| 8 | Swayam પ્લેટફોર્મ પરના MOOC વિષય પર આધારિત આ વિષય છે ? | | | | | | | | | | હા |

**Course Objectives and Outcomes**

**Objectives of the Course:**

- વિદ્યાર્થીઓમાં ગુજરાતી ભાષા અને સાહિત્ય સાથે જોડાયેલ વ્યાવહારિક કુશળતાઓ વિકસાવવી.
- શિક્ષણ, લેખન, સંપાદન, સંશોધન, મીડિયા અને પ્રકાશન ક્ષેત્રોમાં કામ કરવાનો મૂળભૂત અનુભવ આપવો.
- ભાષા પ્રયોગ, સંવાદ ક્ષમતા, ડોક્યુમેન્ટેશન અને પ્રસ્તુતિ જેવી મુખ્ય ક્ષમતાઓ મજબૂત બનાવવી.
- વિવિધ સંસ્થાઓ અને ઉદ્યોગોમાં કાર્યપદ્ધતિની સમજ અને કાર્યશિસ્ત વિકસાવવી.
- વિદ્યાર્થીઓને કારકિર્દી માટે યોગ્ય દિશા અને ક્ષેત્ર આધારિત અનુભવો દ્વારા આત્મવિશ્વાસ આપવો.

**Outcome of the Course:**

- વિદ્યાર્થી શિક્ષણ, મીડિયા, પ્રકાશન, લાઇબ્રેરી, સંશોધન અને કન્ટેન્ટ લેખન જેવા ક્ષેત્રોમાં મૂળભૂત કાર્ય કરી શકે.
- ગુજરાતી લેખન, સંપાદન, અનુવાદ અને પ્રૂફ-રીડિંગમાં વ્યવહારિક કુશળતા પ્રાપ્ત કરે.
- સંવાદક્ષમતા, પ્રસ્તુતિ, આયોજન, ડોક્યુમેન્ટેશન અને ટીમ વર્ક જેવી વ્યાવસાયિક ક્ષમતાઓ વિકસે.
- ભાષા-સાહિત્ય આધારિત પ્રોજેક્ટ, સર્વે, રિપોર્ટ અને સર્જનાત્મક કામ કરવા માટે તૈયાર બને.
- વિદ્યાર્થીઓમાં કારકિર્દી માટે જરૂરી જવાબદારી, સમયવ્યવસ્થા અને કાર્યનૈતિકતા વિકસે.

**Teaching-Learning Methods:**
Traditional, Lecture, Discussion, Practical, Case Study, Project-Based (PBL), E-Learning, Role- Playing, Q & A, Blended Learning.

**Total number of hours:** 120 hours

# B.A. (Gujarati Major) માટે Internship ક્ષેત્રો અને મુખ્ય પ્રવૃત્તિઓ/કર્યો

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) મુજબ B.A. સેમેસ્ટર-6 ના વિદ્યાર્થીઓ માટે ઇન્ટર્નશિપ પૂર્ણ કરવી ફરજિયાત છે. આ સંદર્ભે મુખ્ય વિષય તરીકે ગુજરાતી પસંદ કરનાર વિદ્યાર્થીઓ માટે અત્યારે ઇન્ટર્નશિપના અગિયાર ક્ષેત્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે. દરેક ક્ષેત્ર હેઠળ હાથ ધરવામાં આવી શકતી સંબંધિત પ્રવૃત્તિઓ તથા કાર્યોની વિગત નીચે પ્રસ્તુત કરવામાં આવી છે.

---

## 1. સ્કૂલ શિક્ષણ (School Teaching) માં ઇન્ટર્ન કરી શકે તેવી મુખ્ય પ્રવૃત્તિઓ:

**1] ક્લાસરૂમ ઓબ્ઝર્વેશન**

- અનુભવી શિક્ષકો કેવી રીતે પાઠ શીખવે છે તે જોવું.
- વિદ્યાર્થીઓ સાથેનો વ્યવહાર, શિસ્ત, શિક્ષણ પદ્ધતિ, સમય વ્યવસ્થાપન વગેરે સમજવું.
- પાઠ શીખવવાની વિવિધ રીતોની નોંધ લેવી.

**2] લેસન પ્લાન તૈયાર કરવો**

- વિષય અનુસાર દિવસે/અઠવાડિયે શીખવવાનો પાઠ નક્કી કરવો.
- શીખવવાની પદ્ધતિ, પ્રવૃત્તિઓ, ઉદાહરણો અને પ્રશ્નો તૈયાર કરવા.
- શિક્ષકના માર્ગદર્શન હેઠળ આયોજન બનાવવું.

**3] શિક્ષણ સહાયતા (Teaching Assistance)**

- શિક્ષકને બોર્ડ વર્ક, નોટ્સ, વર્ગ વ્યવસ્થાપન જેવી બાબતોમાં સહાય કરવી.
- વર્ગમાં જૂથ પ્રવૃત્તિઓ કરાવવામાં મદદ કરવી.
- વિદ્યાર્થીઓના પ્રશ્નોના સરળ ભાષામાં જવાબ આપવા.

**4] ડેમો ટીચિંગ / માઇક્રો ટીચિંગ**

- નાના ભાગમાં 5–10 મિનિટનો પાઠ શીખવવાનો પ્રયાસ.
- શિક્ષક પાસેથી ફીડબેક મેળવી ઊણપો સુધારવી.
- ઉચ્ચારણ, ગતિ, સમજાવવાની રીતમાં સુધારો લાવવો.

**5] સ્વતંત્ર શિક્ષણ (Independent Teaching)**

- પૂરો એક પાઠ સ્વતંત્ર રીતે શીખવવો.
- બોર્ડ વર્ક, ઉદાહરણો, પ્રશ્નોત્તરી વગેરે પોતે સંભાળવી.
- વિદ્યાર્થીઓની સમજનું મૂલ્યાંકન કરવું.

**6] નોટ્સ તૈયાર કરવી**

- પાઠ મુજબ સરળ, સ્પષ્ટ અને ઉપયોગી નોટ્સ બનાવવી.
- વિદ્યાર્થીઓને પડેલી મુશ્કેલીઓ/ભૂલોના આધારે નોટ્સમાં સુધારો કરવો.

**7] ટેસ્ટ / વર્ગ પ્રવૃત્તિઓ લેવી**

- નાના યુનિટ ટેસ્ટ, પ્રશ્નોત્તરી અથવા ઓરલ ટેસ્ટ લેવી.
- વર્ગમાં વાંચન, લેખન, ચર્ચા જેવી પ્રવૃત્તિઓ કરાવવી.

- વિદ્યાર્થીના જવાબોનું મૂલ્યાંકન કરવાની પ્રાથમિક પ્રક્રિયા શીખવી.

**8] ભાષા કૌશલ્ય વિકસાવતી પ્રવૃત્તિઓ**

- વાંચન પ્રેરણા પ્રવૃત્તિઓ, વાર્તા વાચન, પદ્ય પાઠ પ્રસ્તુતિ.
- નિબંધ લેખન, પેરાગ્રાફ લેખન, શબ્દભંડોળ વિકાસ પ્રવૃત્તિઓ.
- સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓ (જેમ કે ક્વિઝ, સ્વચ્છ લખાણ સ્પર્ધા).

**9] શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવી**

- ચાર્ટ, ફ્લેશકાર્ડ, ગ્રાફિક્સ, પાવરપોઇન્ટ, પ્રશ્નપત્રો.
- ભાષા શિખવવામાં મદદરૂપ થતી હેન્ડઆઉટ્સ તૈયાર કરવાં.

**10] વિદ્યાર્થીઓ સાથે સંવેદનાત્મક કાર્ય**

- નબળા વિદ્યાર્થીઓને વધારાની મદદ.
- હોમવર્ક તપાસવું અને માર્ગદર્શન આપવું.
- વર્ગમાં સકારાત્મક વાતાવરણ બનાવવામાં સહાય કરવી.

**11] શાળા/કોલેજની અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ**

- સાંસ્કૃતિક કાર્યક્રમો, સેમિનાર, સ્પર્ધાઓમાં સહાય.
- રિપોર્ટ લખવામાં અથવા દસ્તાવેજીકરણમાં સહભાગ.

---

## 2. લાઇબ્રેરી / આર્કાઇવ્સ (દસ્તાવેજોનું સંગ્રહાલય) Internshipમાં ઇન્ટર્ન કરી શકે તેવી મુખ્ય પ્રવૃત્તિઓ:

**1] પુસ્તક વ્યવસ્થાપન (Book Handling & Organization)**

- પુસ્તકોને વિષય અનુસાર ગોઠવવા.
- જૂના અને નવા પુસ્તકોની યાદી તૈયાર કરવી.
- ડેમેજ થયેલ પુસ્તકોની તપાસ કરવી અને રિપોર્ટ લખવો.

**2] વર્ગીકરણ અને કેટલોગિંગ (Classification & Cataloguing)**

- પુસ્તકોનું Dewey Decimal System (વિષય પ્રમાણે નંબર આપીને પુસ્તકો ગોઠવવાની પદ્ધતિ.) પ્રમાણે વર્ગીકરણ શીખવું.
- દરેક પુસ્તકના કાર્ડ, લેબલ અને રેકોર્ડ અપડેટ કરવા.
- સોફ્ટવેરમાં પુસ્તકની એન્ટ્રી કરવી (જો લાઇબ્રેરીમાં ICT નો ઉપયોગ થાય).

**3] ડિજિટાઇઝેશન કામ (Digitization Work)**

- જુના હસ્તપ્રતો, સામયિકો, પત્રો અથવા દસ્તાવેજોનું સ્કેનિંગ.
- PDF ફાઇલ, ફોટો અથવા ટેક્સ્ટ ડેટા બનાવવો.
- ડિજિટલ ફાઇલોનું ફોલ્ડરિંગ અને યોગ્ય નામકરણ.

**4] આર્કાઇવ્સ દસ્તાવેજોની સંભાળ**

- જૂના રેકોર્ડ, ફોટાઓ, પત્રો અથવા ફાઇલોનું ક્રમાંકન.
- નાજુક અથવા ઐતિહાસિક દસ્તાવેજોનું સુરક્ષિત હેન્ડલિંગ.
- સમયગાળા મુજબ અથવા વિષય મુજબ આર્કાઇવ ફોલ્ડર બનાવવું.

**5] ડેટા એન્ટ્રી અને ડોક્યુમેન્ટેશન**

- લાઇબ્રેરીમાં ઉપલબ્ધ પુસ્તકો, સામયિકો, રિપોર્ટો વગેરેની યાદી બનાવવી.
- રિસર્ચ વિદ્યાર્થીઓ માટે જરૂરી માહિતીની નોટ્સ તૈયાર કરવી.
- નવી સામગ્રીના રેકોર્ડનો ડેટાબેસ તૈયાર કરવો.

**6] પિરિયોડિકલ્સ / મેગેઝિન વ્યવસ્થાપન**

- મેગેઝિન, અખબારો અને જર્નલ્સનું રેકોર્ડ મેન્ટેન કરવું.
- નવા અંકને ફાઇલમાં ગોઠવવા અને જૂના અંકોને આર્કાઇવમાં શિફ્ટ કરવું.

**7] લાઇબ્રેરી સેવાઓમાં સહાય**

- વાચકોને પુસ્તક શોધવામાં મદદ કરવી.
- રેફરન્સ સેક્શન માટે સામગ્રી શોધી આપવી.
- પુસ્તક જમા–ઉધાર પ્રક્રિયામાં સહાય કરવી.

**8] સાહિત્યિક સંસાધનો સાથે કામ**

- વાર્તા, નિબંધ, કવિતા, સામયિકો અથવા સંશોધન સામગ્રીનો અભ્યાસ.
- સાહિત્યિક સંગ્રહ માટે સૂચિ બનાવવી.
- સાહિત્ય વિષયક રેફરન્સ મટિરિયલનું ક્રોસ-રેફરન્સ તૈયાર કરવું.

**9] રિસર્ચ સહાયક કામ**

- કોઈ વિશિષ્ટ લેખક, સમયગાળો અથવા વિષય પર સામગ્રી શોધવી.
- લાઇબ્રેરી Mentor માટે સંગ્રહનું પ્રાથમિક વિશ્લેષણ.
- રિસર્ચ રિપોર્ટ / નોટ્સ તૈયાર કરવી.

**10] લાઇબ્રેરી ઇવેન્ટ્સ/પ્રોગ્રામ્સમાં સહભાગ**

- પુસ્તક પ્રદર્શન (Book Exhibition) માટે તૈયારીઓ કરવી.
- રીડર્સ ક્લબ, લેખક પરિચય કાર્યક્રમ, પુસ્તક પરિચય સત્રમાં સહાય.
- ઇવેન્ટનું ફોટોગ્રાફી, રેકોર્ડિંગ અને રિપોર્ટ બનાવવું.

---

## 3. અખબાર / મેગેઝિન / ન્યૂઝ પોર્ટલ Internshipમાં ઇન્ટર્ન કરી શકે તેવી પ્રવૃત્તિઓ:

**1] ન્યૂઝરૂમ ઓબ્ઝર્વેશન**

- ન્યૂઝ કેવી રીતે એકઠા  થાય છે તેની પ્રક્રિયા સમજવી.

- રિપોર્ટર્સ, એડિટર્સ અને ડિઝાઇન ટીમ કેવી રીતે કામ કરે છે તે જોવું.
- દૈનિક ન્યૂઝમીટીંગ અને ડેસ્ક વર્કની સમજ મેળવવી.

**2] રિપોર્ટિંગ (Reporting Tasks)**

- સ્થાનિક ઇવેન્ટ, પ્રવૃત્તિ, કાર્યક્રમો અથવા ઇન્ટરવ્યૂ માટે માહિતી એકત્ર કરવી.
- સ્થળ પર જઈને નાના ન્યૂઝ નોટ્સ અથવા રિપોર્ટ તૈયાર કરવો.
- ફોટોગ્રાફી અથવા વિડીયો એકત્ર કરવાનું મૂળભૂત કામ.

**3] પ્રૂફ રીડિંગ (Proofreading)**

- છપાઈ પહેલાં લખાણમાં ભૂલો શોધવી. -*spell/જોડણી*, વિરામચિહ્નો, વ્યાકરણ અને ભાષાશુદ્ધિ તપાસવી.
- લખાણને વધુ સ્પષ્ટ બનાવવા નાના સુધારા સૂચવવા.

**4] એડિટિંગ કામ (Editing Assistance)**

- એડિટરની માર્ગદર્શન હેઠળ ન્યૂઝ નોટ્સને ટૂંકા, સ્પષ્ટ અને વાંચવા યોગ્ય બનાવવી.
- અસમંજસ અને સ્વાભાવિક ન લાગતાં વાક્યો સુધારવા.
- હેડલાઈન તૈયાર કરવામાં મદદ.

**5] ફીચર રાઇટિંગ (Feature Writing)**

- નાના ફીચર લેખ, પ્રોફાઇલ સ્ટોરી, સાંસ્કૃતિક નોટ્સ અથવા સામાજિક વિષયો પર લેખ.
- કૉલેજ, યુવા, સાહિત્ય, સમાજ જેવા વિષય પર સર્જનાત્મક લેખન.

**6] ન્યૂઝ ડેસ્ક કાર્ય (Desk Work)**

- રિપોર્ટર્સ પાસેથી આવેલી નોટ્સને ગોઠવવી.
- સોશિયલ મીડિયા પોસ્ટ માટે કન્ટેન્ટ તૈયાર કરવું.
- વેબ ન્યૂઝ માટે હેડલાઈન, ટૅગ્સ અને સબહેડ્સ તૈયાર કરવા.

**7] સમાચાર સૉરસિંગ**

- RTI, જાહેર નિવેદનો, સરકારી વેબસાઇટ, પ્રેસ નોટ્સમાંથી માહિતી એકત્ર કરવી.
- મહત્ત્વની સમાચાર લિંક્સ અને માહિતીનો ડેટા બનાવવો.

**8] મેગેઝિન એડિટોરીયલ કામ**

- સામગ્રી ગોઠવવી, વિભાગ પ્રમાણે લેખ ગોઠવવા.
- લેખકો, કવિઓ અથવા યોગદાનકર્તાઓ સાથે સંપર્ક સાધવો.
- આવતા અંક માટે સામગ્રી તૈયાર કરવામાં મદદ.

**9] સોશિયલ મીડિયા કન્ટેન્ટ**

- Instagram/Facebook/Twitter માટે ટૂંકાં સમાચાર લખવા.
- પોસ્ટ માટે ક્રિએટિવ કેપ્શન, હેશટૅગ્સ તૈયાર કરવું.
- ટ્રેન્ડિંગ વિષયો માટે ટૂંકું વિશ્લેષણ તૈયાર કરવું.

**10] ઇન્ટરવ્યૂ કાર્ય**

- નાનકડા ઇન્ટરવ્યૂ માટે પ્રશ્નાવલી તૈયાર કરવી.
- ફોન અથવા વ્યક્તિગત રીતે ટૂંકા ઇન્ટરવ્યૂ લેવા.
- ઇન્ટરવ્યૂનું રાઈટ-અપ બનાવવું.

**11] ફીલ્ડ વર્ક**

- પ્રેસ કોન્ફરન્સ અથવા કાર્યક્રમોમાં હાજરી આપવી.
- નોંધો, ફોટા અને પ્રાથમિક રિપોર્ટ તૈયાર કરવા.
- ઘટનાનાં મુખ્ય મુદ્દાઓની યાદી તૈયાર કરવી.

**12] આર્ટિકલ/ન્યૂઝ આર્કાઇવ બનાવવી**

- જૂના ન્યૂઝ આર્ટિકલ્સનો ડેટા ગોઠવવો.
- વિષય મુજબ અથવા તારીખ મુજબ ફોલ્ડર બનાવવા.
- ઉપયોગી રેફરન્સ મટિરિયલ એકત્ર કરવું.

---

## 4. ગુજરાતી પબ્લિશર્સ / બુક સ્ટુડિયોઝ Internshipમાં ઇન્ટર્ન કરી શકે તેવી પ્રવૃત્તિઓ:

**1] હસ્તપ્રત તપાસ અને સંપાદન**

- લેખક પાસેથી મળેલા હસ્તપ્રતિ / મેન્યુસ્ક્રિપ્ટ / મૂળપાઠનું વાંચન.
- ભાષાની ભૂલો, અસ્પષ્ટ વાક્યો અને ખોટી રચના સુધારવી.
- શબ્દચયન, ભાષાશુદ્ધિ અને શૈલીમાં સુધારો સૂચવવો.
- હસ્તપ્રતિ / મેન્યુસ્ક્રિપ્ટ / મૂળપાઠને પ્રકાશન માટે તૈયાર કરવો.

**2] પ્રૂફ-રીડિંગ**

- છપાઈ પહેલાંના પ્રૂફમાં ભૂલો શોધવી.
- અલ્પવિરામ, પૂર્ણવિરામ, અભિપ્રેત અર્થ, સ્પેલિંગ અને ટાઈપની ભૂલો સુધારવી.
- પાનાં નંબર, હેડિંગ, લેઆઉટ જેવી વિગતો ચકાસવી.

**3] બુક ડિઝાઇન અને ટાઇપસેટિંગની મૂળભૂત સમજ**

- પુસ્તકનું આંતરિક લેઆઉટ કેવી રીતે બને છે તે શીખવું.
- પાનાં ગોઠવણ, પેરાગ્રાફ સ્ટાઈલ, ફૉન્ટ પસંદગી જેવી બાબતોમાં સહાય.

- InDesign અથવા PageMaker જેવી મૂળભૂત ટૂલ્સની સમજ (જ્યાં શક્ય હોય ત્યાં).

**4] કવર ડિઝાઇનમાં સહાય**

- કવર માટે વિચાર સૂચવવા.
- સ્ટુડિયો ટીમ સાથે કલર, ટાઇટલ અને લેઆઉટની ચર્ચા.
- તૈયાર ડિઝાઇનની ભૂલ તપાસ.

**5] સામગ્રી ગોઠવણ અને અધ્યાય વ્યવસ્થાપન**

- મૂળપ્રતના અધ્યાયો ગોઠવવા.
- સૂચિ (Contents), પ્રસ્તાવના, આભાર, બાયો નોટ્સ તૈયાર કરવી.
- પુસ્તકના અંતમાં Glossary અથવા Notes ગોઠવવી.

**6] લેખકો સાથે સંવાદ**

- લેખકને જરૂરી ફેરફારો વિશે જાણ કરવી.
- તેમના પ્રશ્નો કે સૂચનો સ્ટુડિયો સુધી પહોંચાડવા.
- હસ્તપ્રત/ મૂળ સુધારેલી આવૃત્તિઓ સમયસર તૈયાર કરવી.

**7] સંપાદકો સાથે કાર્ય**

- એડિટર માટે નોટ્સ બનાવવી.
- ચર્ચા કરીને સામગ્રીમાં કરવાના સુધારા નક્કી કરવી.
- એડિટરના માર્ગદર્શન હેઠળ ભાષા અને શૈલીમાં સુધારો કરવો.

**8] ISBN, કૉપિરાઇટ અને પ્રકાશન પ્રક્રિયાની સમજ**

- ISBN કેવી રીતે મેળવાય તે જાણવું.
- કૉપિરાઇટ પૃષ્ઠ કેવી રીતે બનાવાય તે શીખવું.
- છપાઈ, બાઈન્ડિંગ અને વિતરણની મૂળભૂત પ્રક્રિયા સમજવી.

**9] માર્કેટિંગ અને પ્રચાર સહાય**

- નવા પુસ્તક માટે ટૂંકું વર્ણન (Blurb) લખવું.
- સોશિયલ મીડિયા પોસ્ટ અથવા પ્રોમોશનલ લખાણ બનાવવું.
- પુસ્તક પ્રદર્શન અથવા લોન્ચ ઇવેન્ટમાં સહાય.

**10] પાંડુલિપિ આર્કાઇવિંગ**

- જૂની હસ્તપ્રતો, પ્રૂફ કોપી, કરાર વગેરે ફાઇલ કરવી.
- શીર્ષક મુજબ અથવા લેખક મુજબ ડિજિટલ અને ફિઝિકલ આર્કાઇવ બનાવવી.

**11] રિપોર્ટિંગ અને દૈનિક નોંધ**

- દૈનિક કરવામાં આવેલા કામની નોંધ બનાવવી.
- અઠવાડિયામાં કરવામાં આવેલા કામ પર ટૂંકી રિપોર્ટ.
- Internship Mentor માટે Summary તૈયાર કરવી.

---

## 5. સાહિત્ય સંસ્થાઓ / અકાદમી Internshipમાં ઇન્ટર્ન કરી શકે તેવી પ્રવૃત્તિઓ:

**1] સંશોધન કાર્ય**

- લેખકો, કવિઓ, સાહિત્ય પ્રવાહો અથવા યુગો અંગે માહિતી એકત્ર કરવી.
- સાહિત્યિક ગ્રંથો, સામયિકો અને રેફરન્સ પુસ્તકોમાંથી નોટ્સ તૈયાર કરવી.
- કોઈ નિર્ધારિત વિષય પર પ્રાથમિક રિસર્ચ રિપોર્ટ બનાવવો.
- સંસ્થા માટે આવતા પ્રોજેક્ટ્સનું ડેટા સંકલન.

**2] કાર્યક્રમ આયોજન (Event Planning)**

- કવિ સંમેલન, વાર્તા સંવાદ, પુસ્તક વિમોચન, સેમિનાર અથવા વર્કશોપની તૈયારીમાં સહાય.
- આમંત્રણ પત્રો, ગોઠવણ સૂચિ અને કાર્યક્રમ (schedule) તૈયાર કરવો.
- ભાગ લેનાર લેખકો સાથે સમય અને વિગતો અંગે સંવાદ.
- સ્થળ વ્યવસ્થા, બેસવાની ગોઠવણી, માઈક અને સ્ટેજ વ્યવસ્થા જેવી બાબતોમાં સહાય.

**3] કાર્યક્રમ વ્યવસ્થા (Event Coordination)**

- કાર્યક્રમ દરમિયાન સૂચના, રજૂઆત અને સમય વ્યવસ્થાપન.
- મહેમાનોનું સ્વાગત, રજિસ્ટ્રેશન અને દસ્તાવેજીકરણ કામ.
- કાર્યક્રમની નોંધ, ફોટોગ્રાફી અને રિપોર્ટ તૈયાર કરવો.

**4] સંપાદન કામ**

- સંસ્થાના સમાચારપત્ર, બુલેટિન, સામયિક અથવા સ્મૃતિપુસ્તિકા(souvenir book) માટે લખાણ સંપાદન.
- ભાષાશુદ્ધિ, વાક્ય સુધારણા અને ટૂંકાણ-વિસ્તાર કામ.
- લેખકોના મળેલા લેખો ગોઠવી, સંપાદકોને મોકલવા.

**5] સાહિત્યિક પ્રોજેક્ટ્સમાં સહભાગ**

- ગ્રંથસૂચિ (Bibliography) તૈયાર કરવી.
- સંસ્થાના સંશોધન પ્રોજેક્ટ માટે પ્રાથમિક માહિતી એકત્ર કરવી.
- ખાસ પ્રસંગ માટે સ્મરણિકા, પુસ્તકચિત્રો અથવા રિપોર્ટ તૈયાર કરવામાં સહાય.

**6] સાહિત્ય મંડળો અને સંગઠનો સાથે નેટવર્કિંગ**

- અન્ય સાહિત્યિક ગ્રુપો સાથે સંવાદ, માહિતી વહેંચણી.
- મીટિંગ, વર્કશોપ કે ચર્ચા સત્રોમાં ભાગ લેવો.
- લેખકો, સંપાદકો અને સંશોધકો સાથે સંપર્ક બનાવી તેમના કાર્ય વિશે સમજ વધારવી.

**7] દસ્તાવેજીકરણ કાર્ય**

- કાર્યક્રમોના મિનિટ્સ, રિપોર્ટ અને લેખિત દસ્તાવેજો તૈયાર કરવા.
- જૂની ફાઇલો, તસવીરો અને રિપોર્ટ્સનું ગોઠવણી કામ.
- ડિજિટલ ફોલ્ડર અથવા આર્કાઇવ માટે સામગ્રી તૈયાર કરવી.

**8] પ્રકાશન કાર્યમાં સહાય**

- બુલેટિન અથવા સ્મારિકા/ souvenir book માટે છપાઈ પૂર્વે પ્રૂફ રીડિંગ.
- લેખોનું ફોર્મેટિંગ, ફોટોગ્રાફ ગોઠવણ અને કવર નોટ્સ તૈયાર કરવી.

**9] સોશિયલ મીડિયા અને પબ્લિસિટી સહાય**

- કાર્યક્રમ પ્રચાર માટે ટૂંકું લખાણ તૈયાર કરવું.
- પોસ્ટ માટે કેપ્શન, શીર્ષક અથવા કાર્યક્રમની વિગત તૈયાર કરવી.
- સંસ્થાની પ્રવૃત્તિઓનું અપડેટ તૈયાર કરવું.

**10] દૈનિક નોંધ અને રિપોર્ટિંગ**

- દૈનિક કરેલા કામની નોંધ રાખવી.
- અઠવાડિયાના કાર્યનો ટુંકો રિપોર્ટ Mentor ને આપવો.
- Internship અંતે Summary Report તૈયાર કરવી.

---

## 6. રેડિયો / ટીવી / મીડિયા હાઉસ: ઇન્ટર્ન તરીકે કરી શકાય તેવી પ્રવૃત્તિઓ:

**1] સ્ક્રિપ્ટ રાઇટિંગ અને કન્ટેન્ટ તૈયારી**

- રેડિયો કાર્યક્રમો માટે નાની સ્ક્રિપ્ટ લખવી.
- ન્યૂઝ બુલેટિન, ફીચર સ્ટોરી અથવા ટૂંકા ઓડિયો-વિઝ્યુઅલ સેગમેન્ટ માટે સ્ક્રિપ્ટ તૈયાર કરવી.
- એન્કર/આર.જે. માટે નેરેશન નોટ્સ લખવી.

**2] વોઇસ-ઓવર અને રેકોર્ડિંગ કામગીરી**

- ગુજરાતીમાં નાના પ્રોમો/ પ્રોમોશનલ ક્લિપ, જાહેરખબર અથવા કાર્યક્રમની રૂપરેખા માટે વોઇસ-ઓવર કરવાનો અનુભવ.
- માઇક ટેક્નિક અને ઉચ્ચારણ પ્રેક્ટિસ કરવી.

**3] પ્રોગ્રામ પ્રોડક્શન કાર્ય**

- સ્ટુડિયોમાં રેકોર્ડિંગ દરમિયાન ટીમને મદદ કરવી.
- શો માટે ગેસ્ટ લાઇન-અપ, ટાઈમિંગ અને સેગમેન્ટ પ્લાનિંગમાં સહભાગી થવું.
- કોલર ઇન્ટરેકશન, લાઇવ શો કોર્ટિનેશન જેવી કામગીરી.

**4] ન્યૂઝ અને રિપોર્ટિંગ સંબંધિત કામ**

- ન્યૂઝ સ્ક્રિપ્ટનું ભાષાંતર અથવા ફરી લખાણ.
- રિપોર્ટર્સને ફીલ્ડ નોટ્સ, ઇન્ટરવ્યુ તૈયાર કરવામાં સહયોગ.
- ટીવી માટે ટીકર લખવા અથવા હેડલાઇન રિફાઇન કરવી.

**5] રિસર્ચ વર્ક**

- પ્રોગ્રામ માટે જરૂરી માહિતી, ફેક્ટ્સ અને બેકગ્રાઉન્ડ શોધવી.
- સાહિત્ય, સંસ્કૃતિ, ઇતિહાસ અથવા સમાજ-વિષયક કાર્યક્રમો માટે રિસર્ચ નોટ્સ તૈયાર કરવી.

**6] Editing અને post-production સહયોગ**

- ઓડિયો ક્લિપ્સ સિલેક્શન.
- સબટાઈટલ/કૅપ્શન તૈયાર કરવું (ટીવી).
- સરળ એડિટિંગ પ્રોજેક્ટ્સમાં સહકાર.

**7] Media Communication Skills Development**

- એન્કરિંગ / આર.જે. (Radio Jockey) સ્ટાઇલનું અવલોકન.
- ઇન્ટરવ્યુ કેવી રીતે લેવું તેની પ્રેક્ટિસ.
- પ્રસ્તુતિ, અવાજ-મોડ્યુલેશન અને ભાષા ટોન સુધારવા.

**8] Social Media & Promotion**

- કાર્યક્રમનું સોશ્યલ મીડિયા કન્ટેન્ટ તૈયાર કરવું.
- ક્લિપ્સ, પોસ્ટ્સ, રીલ્સ, શોના પ્રમોશનલ મટીરિયલ બનાવવામાં મદદ.

---

## 7. NGO / કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન: ઇન્ટર્ન તરીકે કરી શકાય તેવી પ્રવૃત્તિઓ:

**1] લેખન અને ડોક્યુમેન્ટેશન કામ**

- કાર્યક્રમો અને પ્રોજેક્ટ્સ માટે લઘુલેખન તૈયાર કરવું.
- મીટિંગ નોંધો, રિપોર્ટ, ન્યૂઝલેટર અથવા પ્રવૃત્તિ રિપોર્ટ તૈયાર કરવો.
- સંસ્થાના પ્રોજેક્ટ ડોક્યુમેન્ટ્સનું ભાષાંતર અથવા સંપાદન.

**2] કાર્યક્રમ અને ઇવેન્ટ મેનેજમેન્ટ**

- વર્કશોપ, સેમિનાર, સાંસ્કૃતિક કાર્યક્રમો માટે તૈયારીમાં સહકાર.
- આમંત્રણ પત્ર, પોસ્ટર્સ, પ્રોગ્રામ નોટ્સ તૈયાર કરવાં.
- ગેસ્ટ મેનેજમેન્ટ, સમય નિયંત્રણ અને સ્થળ વ્યવસ્થા.

**3] સંશોધન અને ફિલ્ડ વર્ક**

- પ્રોજેક્ટ સાથે સંબંધિત માહિતી એકત્ર કરવી.
- સમાજ, સંસ્કૃતિ અથવા ભાષા સંબંધિત નાના સર્વે કરવા.
- Beneficiary ઇન્ટરવ્યુ લઈને નોંધો તૈયાર કરવી.

**4] સામાજિક મીડિયા અને પ્રમોશન કાર્ય**

- સંસ્થાના સોશિયલ મીડિયા માટે પોસ્ટ્સ, કૅપ્શન અને સ્ટોરી કન્ટેન્ટ તૈયાર કરવું.
- ઇવેન્ટ્સના ફોટો-વિડિયો ડોક્યુમેન્ટેશનમાં સહયોગ.
- બ્લોગ અથવા વેબ કન્ટેન્ટ માટે લખાણ તૈયાર કરવું.

**5] કમ્યુનિકેશન અને Outreach**

- Stakeholders, volunteers, beneficiaries સાથે સંવાદ.
- સંસ્થાના કાર્યક્રમો માટે પ્રચાર સામગ્રી તૈયાર કરવી.
- પ્રોજેક્ટ ટીમને ભાષા સંબંધિત કામોમાં મદદ.

**6] સાંસ્કૃતિક અને સમાજ આધારિત પ્રોજેક્ટ્સમાં ભાગ**

- ભાષા, લોકસાહિત્ય, સંસ્કૃતિ, શિક્ષણ અથવા મહિલા-બાળ કલ્યાણ પ્રોજેક્ટ્સમાં સહભાગી થવું.
- સામાજિક જાગૃતિ કાર્યક્રમો માટે સ્ક્રિપ્ટ અથવા ભાષણનો ડ્રાફ્ટ તૈયાર કરવો.

**7] ઑફિસ એડમિનિસ્ટ્રેશનમાં સહકાર**

- ફાઈલિંગ, ડેટા એન્ટ્રી અને દસ્તાવેજ વ્યવસ્થા.
- પ્રોજેક્ટ પ્રગતિનું રેકોર્ડ જાળવવું.

---

## 8. સંશોધન કેન્દ્ર / યુનિવર્સિટી પ્રોજેક્ટ્સમાં ઇન્ટર્ન તરીકે કરી શકાય તેવી પ્રવૃત્તિઓ:

**1] સર્વે અને ડેટા કલેક્શન**

- ગામ, શહેર, કોલેજ, સંસ્થા વગેરેમાં ભાષા અથવા સાહિત્ય સંબંધિત સર્વે કરવો.
- પ્રતિભાવદાતાઓ સાથે ઇન્ટરવ્યુ લઈને રેકોર્ડ તૈયાર કરવો.
- ફીલ્ડ નોટ્સ, અવલોકન નોંધો અને માહિતી વ્યવસ્થા કરવી.

**2] સામગ્રી વિશ્લેષણ (Content Analysis)**

- લખાણ, ભાષણ, લેખો, વાર્તાઓ, લોકસાહિત્ય, મીડિયા કન્ટેન્ટ વગેરેનું વિશ્લેષણ.
- વિષય, શૈલી, શબ્દપ્રયોગ, ભાષાકીય લક્ષણો વગેરે કોડિંગ (લખાણના ભાગોને તેમના અર્થ, વિષય, શૈલી અથવા લક્ષણ મુજબ વર્ગીકૃત) કરવું.
- એકેડેમિક રિસર્ચમાં ઉપયોગી ટેબલ, ચાર્ટ અને વર્ગીકરણ તૈયાર કરવું.

**3] સાહિત્ય અને ભાષા આધારિત રિસર્ચ અસાઇનમેન્ટ્સ**

- ગુજરાતી સાહિત્યના વ્યકિતઓ, પ્રવાહો, પરંપરાઓ પર નાનાં રિસર્ચ નોટ્સ તૈયાર કરવાં.

- પ્રાચીન/આધુનિક ટેક્સ્ટનો તુલનાત્મક અભ્યાસ.
- લોકસાહિત્ય, બોલીઓ અથવા શબ્દભંડાર પર નાનાં પ્રોજેક્ટ્સ.

**4] ડેટા એનાલિસિસ સહયોગ**

- સર્વે ડેટાનું મૂળભૂત વ્યવસ્થિકરણ, ટેબ્યુલેશન અને સારાંશ તૈયાર કરવું.
- collected માહિતી પ્રમાણે મુખ્ય મુદ્દા, પેટર્ન અને નિષ્કર્ષ શોધવામાં મદદ.

**5] લિટરેચર રિવ્યુ તૈયાર કરવું**

- કોઈ વિશેષ વિષય પર પ્રકાશિત અભ્યાસો/પેપર્સ વાંચી સારાંશ તૈયાર કરવો.
- સંબંધિત સ્ત્રોતો એકત્રિત કરી Annotated notes તૈયાર કરવી.

**6] રિપોર્ટ રાઇટિંગ અને પ્રેસેંટેશન**

- પ્રોજેક્ટ માટે અંતિમ રિપોર્ટનો ડ્રાફ્ટ લખવો.
- ગ્રાફિક્સ, ચાર્ટ અને એપેન્ડિક્સ સહિત પ્રોજેક્ટ દસ્તાવેજ તૈયાર કરવા.
- રિસર્ચ ટીમને પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં મદદ કરવી.

**7] લાઇબ્રેરી અને આર્કાઇવ્સ કામ**

- સંશોધન પ્રોજેક્ટ માટે ઉપયોગી પુસ્તકો, સામગ્રી શોધવી.
- નોટ્સ, રેફરન્સ અને સ્ટડી મટિરિયલ તૈયાર કરવું.

**8] સંશોધન પદ્ધતિઓ શીખવી**

- સર્વે પદ્ધતિ, ઇન્ટરવ્યુ ટેકનિક, અવલોકન પદ્ધતિ વિશે પ્રાયોગિક સમજ મેળવવી.
- પ્રોજેક્ટ મેન્ટર સાથે ચર્ચા કરીને રિસર્ચ ડિઝાઇન સમજવી.

---

## 9. Content Writing / Translation Internship: ઇન્ટર્ન તરીકે કરી શકાય તેવી પ્રવૃત્તિઓ:

**1] વેબસાઇટ અને બ્લોગ માટે કન્ટેન્ટ લખાણ**

- સૂચનાત્મક / માહિતી પૂરક લેખો, બ્લોગ પોસ્ટ્સ, FAQ, પ્રોડક્ટ વર્ણન લખવું.
- SEO મુજબ કીવર્ડ આધારિત કન્ટેન્ટ તૈયાર કરવું.
- ઇન્ટરવ્યૂ, સ્ટોરી અથવા ફીચર લેખનું ગુજરાતી વર્ઝન લખવું.

**2] સોશિયલ મીડિયા કન્ટેન્ટ બનાવવું**

- Facebook, Instagram, X (Twitter), YouTube માટે પોસ્ટ્સ, કૅપ્શન, સ્ક્રિપ્ટ તૈયાર કરવું.
- રીલ્સ/શોર્ટ્સ માટે ટૂંકા લખાણ અથવા નેરેશન લખવું.
- બ્રાન્ડ અથવા સંસ્થાની જરૂરિયાત મુજબ ટોન ઓફ વોઇસ શીખવું.

**3] અનુવાદ (Translation) કાર્ય**

- અંગ્રેજીથી ગુજરાતીમાં લેખો, પોસ્ટ્સ, જાહેરાત લખાણનો અનુવાદ કરવું.
- ગુજરાતી સામગ્રીનું અંગ્રેજીમાં રૂપાંતર.

- સરળ, સ્વાભાવિક અને પ્રેક્ષકને અનુરૂપ ભાષા શૈલી પસંદ કરવી.

**4] લોકલાઇઝેશન કાર્ય**

- એપ, વેબસાઇટ અથવા ડિજિટલ પ્રોડક્ટમાં Gujarati UI/UX ટેક્સ્ટ તૈયાર કરવું.
- બટન લેબલ, મેનુ, સૂચના સંદેશા, Error messages નો અનુવાદ.
- ભાષા સરળ, સ્પષ્ટ અને લોકો માટે ઉપયોગી રહે તે રીતે રિવ્યૂ કરવું.

**5] Editing અને Proofreading**

- લખાણમાં વ્યાકરણ, જોડણી, અર્થગર્ભિત ભૂલો તપાસવી.
- કન્ટેન્ટ ટોન, સ્પષ્ટતા અને સંદેશાવ્યવહાર સુધારવો.
- બ્રાન્ડ ગાઈડલાઇન મુજબ કન્ટેન્ટને polish કરવું.

**6] Research-based Content Development**

- વિષય પર રિસર્ચ કરીને ઇન્ફોર્મેશન એકત્રિત કરવી.
- સમાચાર, લેખો, રિપોર્ટ, સ્ટડી મટિરિયલ પરથી કન્ટેન્ટ તૈયાર કરવું.

**7] Advertisement & Script Writing**

- એડ કૉપી, ટેગલાઇન્સ, Catchy Headlines તૈયાર કરવી.
- Radio/YouTube/Corporate videos માટે સ્ક્રિપ્ટ લખવાનો અનુભવ.

**8] Project Documentation**

- ક્લાયન્ટ સંદેશાવ્યવહાર, બ્રીફ સમજવી અને તેના મુજબ કન્ટેન્ટ બનાવવું.
- Assignmentsનું રેકોર્ડ, વર્ક-લોગ અને Draft versions જાળવવા.

**9] Content Strategyમાં સહયોગ**

- પોસ્ટ શેડ્યૂલિંગ, Audience analysis, Engagement review.
- કન્ટેન્ટ કેલેન્ડર તૈયાર કરવામાં સહકાર.

---

## 10. સાહિત્ય અને ટેક્નોલોજી (Literature & Technology) ઇન્ટર્ન તરીકે કરી શકાય તેવી પ્રવૃત્તિઓ:

1) **ડિજિટલ કન્ટેન્ટ નિર્માણ**
    - ગુજરાતી સાહિત્ય આધારિત ટૂંકા વીડિયો, ઇન્ફોગ્રાફિક્સ અને રીલ્સ તૈયાર કરવી.
2) **ઓડિયો સામગ્રી વિકાસ**
    - કાવ્યો, વાર્તાઓ અથવા ગદ્યના ભાગોને ઓડિયો સ્વરૂપે રેકોર્ડ કરીને પોડકાસ્ટ/ઓડિયો લાઇબ્રેરી બનાવવી.
3) **પ્રેઝન્ટેશન અને ડિજિટલ પ્રદર્શન**
    - ગુજરાતી લેખકો, સાહિત્યપ્રવાહો અથવા કૃતિઓ પર આધારિત પ્રેઝન્ટેશન તૈયાર કરવાં.

- ડિજિટલ પ્રેઝન્ટેશન (PowerPoint/Multimedia) દ્વારા સાહિત્યિક વિષય રજૂ કરવો.

4) **ઈ-પ્રકાશન અને વેબ સામગ્રી**
   - ઈ-બુક, બ્લોગ પોસ્ટ અથવા વેબસાઇટ માટે ગુજરાતી ભાષામાં સામગ્રી તૈયાર કરવી.

5) **ડિજિટલ લાઇબ્રેરી અને એપ આધારિત કાર્ય**
   - સાહિત્ય વિષયક એપ, પોર્ટલ અથવા ડિજિટલ લાઇબ્રેરીની મદદથી સામગ્રી ગોઠવવી અને અપલોડ કરવી.

6) **ટેક્સ્ટ ડિજિટાઇઝેશન**
   - OCR (Optical Character Recognition) સાધનોની મદદથી ગુજરાતી છાપેલું લખાણ ડિજિટલ ટેક્સ્ટમાં રૂપાંતરિત કરવું.

7) **આર્કાઇવ અને દસ્તાવેજ સંભાળ**
   - જૂના સાહિત્યિક દસ્તાવેજોને સ્કેન, કૅટલોગ બનાવીને ડિજિટલ આર્કાઇવમાં ગોઠવવાનો અનુભવ મેળવવો.

8) **સામાજિક મિડિયા પ્રવૃત્તિઓ**
   - સાહિત્ય આધારિત પોસ્ટ્સ, કોટેશન્સ અને શોર્ટ નોટ્સ તૈયાર કરીને સોશિયલ મીડિયા પર પ્રસાર કરવો.

9) **ડિજિટલ કૌશલ્ય ઉપયોગ**
   - ફોલ્ડર મેનેજમેન્ટ, ફાઇલ નામકરણ અને ડેટા ગોઠવણ જેવા મૂળભૂત ડિજિટલ કૌશલ્યોનો ઉપયોગ કરીને સાહિત્ય સંબંધિત સામગ્રીને ક્રમબદ્ધ કરવી.

## 11. ગુજરાતી સાહિત્યમાં કૃત્રિમ બુદ્ધિ (AI) નો ઉપયોગ:

1) **લખાણ આધારિત પ્રવૃત્તિઓ**
   - AIની મદદથી ગુજરાતી ગદ્ય/કાવ્યોનો સારાંશ બનાવવો.
   - લેખક અથવા સાહિત્યપ્રવાહ અંગે માહિતી એકત્રિત કરીને ટૂંકી નોટ્સ તૈયાર કરવી.
   - AI દ્વારા મળેલા પરિણામોની તુલના માનવીય લખાણ સાથે કરવી.
2) **સર્જનાત્મક પ્રવૃત્તિઓ**
   - AI ની મદદથી શોર્ટ સ્ટોરી, કવિતા અથવા બ્લોગ કન્ટેન્ટ ડિઝાઇન.
   - AI આધારિત ઈમેજ જનરેશનથી સાહિત્યિક પોસ્ટર્સ અથવા કવર પેજ બનાવવું.
3) **ભાષાવૈજ્ઞાનિક / સંશોધન પ્રવૃત્તિઓ**

- AI દ્વારા મળેલા લખાણોનું ભાષાવૈજ્ઞાનિક વિશ્લેષણ (શબ્દચયન, વાક્યરચના, ભાવ).
- AIના જવાબોમાં આવતી ભૂલો ઓળખી સુધારણાં તૈયાર કરવાં.
- ગુજરાતી OCR રૂપાંતર દ્વારા છાપેલા લખાણનું ડિજિટાઇઝેશન.

**4) ડિજિટલ આર્કાઇવ / Data Management**

- જૂના લેખો અથવા સામગ્રીને સ્કેન, નામકરણ અને ફોલ્ડર ગોઠવણ.
- સાહિત્યિક માહિતી માટે નાનકડું ડિજિટલ ડેટાબેઝ બનાવવું.

**5) પ્રેઝન્ટેશન / Outreach**

- "AI અને ગુજરાતી સાહિત્ય" વિષય પર PPT તૈયાર કરીને રજૂઆત કરવી.
- સોશિયલ મિડિયા માટે સાહિત્ય આધારિત કન્ટેન્ટ (quotes, visuals) તૈયાર કરવું.